Hacker's World

## કી લોગરથી તમે કેવી રીતે બચશો?

કિ લોગર એટલે આપણે સ્ક્રીન પર જે કંઇ પણ ટાઇપ કરીએ ત્યારે રીયલ ટાઇમ કી સ્ટ્રોપને રેકોર્ડ કરવું. જ્યારે તમે ટાઇપ કરો છો અને રેકોર્ડ થઇ હોય એ વસ્તુ સામે વાળી વ્યક્તિ જોઇ શકે છે. ઇન્ટરનેટ પરથી જ્યારે તમે કોઇ અનઓથોરાઇઝડ અથવા પાયરેટેડ સોફ્ટવેર ડાઉનલોડ કરો છો અથવા ટોરેન્ટ સોફ્ટવેર ડાઉનલોડ કરો છો. એના બેકએન્ડની અંદર જેણે ક્રેક કર્યો હોય એ વાયરસ ફોર્મ કરે છે અથવા ટ્રોજન ક્લબ કરતી હોય છે. એનાંથી સોફ્ટવેર ઇન્સ્ટોલ થાય ત્યારે એની સાથે વાયરસ અથવા ટ્રોજન સિસ્ટમમાં એન્ટર થઇ જાય છે. એનાં એક ભાગ રૂપે કી લોગર હોય છે જેની એક નક્કી ફંક્શનાલિટી હોય છે-જેમાં તમે કંઇપણ ટાઇપ કરો છો એ બધુ સામે વાળી વ્યક્તિ જોઇ શકે છે. જેમાં આઇડી, પાસવર્ડ, બ્રાઉઝીંગ હિસ્ટ્રી જેવી ડિટેલ્સ મોનિટર કરી શકે છે. કી લોગરથી બચવા માટે ક્યાંતો તમને ખબર હોવી જોઇએ કે કઇ ફાઇલ ડાઉનલોડ કરવાને કારણે તમારા ગેઝેટમાં વાયરસ આવ્યો છે. એ ફાઇલ અથવા સોફ્ટવેર અનઇનસ્ટોલ કરી શકાશે અથવા કી સ્ક્રેમ્બલર સોફ્ટવેર ઇનસ્ટોલ કરવાથી તમે જે કોઇપણ કિ પ્રેસ કરી ટાઇપ કરશો અને સામેવાળા વ્યક્તિ સુધી ડેટ જશે ત્યાં સુધીમાં ડેટા ઇન્ક્રિપ્ટ થઇને જશે. જેમાં તમારો લખાયેલો મેસેજ સામે વાળા વ્યક્તિ જે હેક કરે છે. એની પાસે કંઇક અલગ જ જશે. સામે વાળા વ્યક્તિ પાસે તમારા ઓરીજીનલ ફોર્મમાં ન જઇ એન્ક્રિપ્ટેડ ફોર્મમાં જશે. આ રીતે કી-સ્ક્રેમ્બલરથી તમે તમારો ડેટા પ્રોટેક્ટ કરી શકો છો.



જય ગાંગાણી

# પાર્થ જીત્યો, હેન્ડબોલમાં સુરત પહોંચ્યું નેશનલ લેવલે

## સુરતનો પાર્થ પટેલ 10 હેન્ડબોલ નેશનલ ટુર્નામેન્ટ રમ્યો, આ ગેમ ભારતમાં વધારે પોપ્યુલર નથી

**અનન્ય રિપોર્ટર, સુરત**

ગુજરાતમાં હેન્ડબોલ બહુ પોપ્યુલર નથી પણ સુરતની ત્રણ સ્કૂલોમાં હેન્ડબોલનું કોચિંગ આપવામાં આવે છે. આ કોચિંગ થકી સુરતનો પાર્થ પટેલ નેશનલ લેવલ પર સુરતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યો છે. હેન્ડબોલ ઓલમ્પિક રજીસ્ટર્ડ ગેમ છે. સુરતની ભૂલકાભવન, જે.એચ.અંબાણી અને શિશુવિહારમાં હેન્ડબોલનું ગ્રાઉન્ડ કોચિંગ આપવામાં આવી રહ્યું છે. અનન્ય સિટી સાથે વાત કરતા પાર્થ પટેલ કહે છે કે-સાતમા ધોરણથી મેં હેન્ડબોલ રમવાનું શરૂ કર્યું. બોર્ડની એક્ઝામ હતી ત્યારે હેન્ડબોલ કેમ્પમાં જવાનું હતું. ઘરમાં બધાએ ના પાડી પણ મારા પપ્પાએ મને કહ્યું કે-તું સારું રમે છે તારે જવું જોઇએ. હું નેશનલ કેમ્પમાં ગયો અને મેં ટ્રેનિંગ લીધી. અત્યાર સુધીમાં હું સ્કૂલ ગેમ નેશનલ, યુનિવર્સિટી નેશનલ અને સિનિયર નેશનલ એમ કુલ 10 નેશનલ હેન્ડબોલ ટુર્નામેન્ટ રમી ચૂક્યો છું.

### હેન્ડબોલ શું છે?

ફૂટબોલ, બાસ્કેટ બોલ અને રગ્બીનું કોમ્બિનેશન છે. જેમાં 20x40 મિટરનું ગ્રાઉન્ડ હોય છે, 12 પ્લેયર્સની ટીમ હોય છે, 2 ગોલ કીપર અને 10 પ્લેયર્સ હોય છે. 30 મિનિટની એક ગેમ હોય છે. 3x2 મિટરનો ગોલ પોસ્ટ હોય છે. આ ગેમમાં 3 સેકેન્ડથી વધારે એક પ્લેયર બોલ પોતાની પાસે હોલ્ડ કરી શકતો નથી અને ડબલ ડ્રીલ ફાઉલ ગણવામાં આવે છે. સ્કુલ લેવલ અને સ્ટેટ લેવલ પર 20 મિનિટ, 15 મિનિટ અને 10 મિનિટની ગેમ્સ રમાડવામાં આવતી હોય છે.



## આદિવાસી કલાકારો સાથે મળીને રામસભા શુટ થયું

**સુરત |** ડાંગનાં કલાકારો સાથે મળીને સુરતનાં ગાયક જગદીશ ઇટાલિયા અને અજીતા ઇટાલિયાએ આલ્બમ 'રામ સભા' તૈયાર કર્યું છે. આદિવાસી સંગીત અને આદિવાસી કલા જીવંત રહે એ હેતુથી તૈયાર કરાયેલા આ આલ્બમનું શુટિંગ ડાંગનાં જંગલોમાં કરાયું છે. આ આલ્બમનાં પ્રોડ્યુસર અજીતા ઇટાલિયા છે. જગદીશ ઇટાલિયાએ ગાયું છે. મ્યુઝિક રિક્રિએશન હાર્દિક ટેલરનું છે અને ધ્રુવ પાંડવ દ્વારા એડિટ કરાયું છે.




## ઔદીચ્ય ક્લબ દ્વારા રક્તદાન

**સુરત |** ઔદીચ્ય સ્પોર્ટસ ક્લબ રાંદેર દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ રક્તદાન શિબિર 11 ઓક્ટોબર, રવિવારે સવારે 9:00 વાગ્યાથી 1:00 વાગ્યા સુધી ડો એમ.કે અધ્વર્યુભવન, દરૂફળિયા, રાંદેર પીપલ્સ બેંક ખાતે યોજાશે. જેમાં જયંત શુક્લ, સમીર વ્યાસ, દક્ષા શાસ્ત્રી હાજરી આપશે.

## 90નાં દશકનાં ગીતોનો કાર્યક્રમ

**સુરત |** એમ.વી લોંજ અને દક્ષેશ પટેલ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા 90નાં દશકનાં યાદગાર ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સિંગર દક્ષેશ પટેલ, અનિતા પટેલ અને કિરિટ મહંત દ્વારા 90નાં દશકનાં 'પહેલા નશા પહેલા ખુમાર, જબ કોઇ બાત બિગડ જાયે, લગજા ગલે' જેવા ગીતો ગાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન સિરાજ દરબાર દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ ક્લીક દ્વારા કાર્યક્રમ માણો.

CLICK HERE

NEWS TREND

## બાળકો ઓનલાઇન ઘૂંઘરું ડાન્સ શીખ્યા

લર્નિંગ ગાર્ડ દ્વારા 3 થી 8 વર્ષનાં બાળકો માટે ફ્રી સ્ટાઇલ ડાન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ડાન્સર અંકુર મિશ્રાએ બાળકોને ઘૂંઘરૂ બોલિવુડ સોંગ પર ફ્રી સ્ટાઇલ ડાન્સીંગ શીખવાડ્યું હતું. બાળકોને ઘર બેઠા એક્ટીવ રાખવા માટે આ ડાન્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેઝિક ડાન્સ મુવ્ઝ સાથે બાળકોને એક્ટિવ અને ઇન્ટરેક્ટીવ રખાયા. બાળકોએ બેઝિક સ્ટેપ્સ શીખી બોડી અને માઇન્ડ એક્ટિવિટી કરી હતી. આ વર્કશોપ જોવા માટે નીચે આપેલી લિંક પર ક્લિક કરો.

CLICK HERE

## જીટીયુ દ્વારા માર્કેટ પર વેબિનાર થયો



જીટીયુ ઈનોવેશન એન્ડ સ્ટાર્ટઅપ સેન્ટર દ્વારા 'ઇન્ક્યુબેશન એન્ડ ટુ સ્ટાર્ટ અ સ્ટાર્ટઅપ' વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. બીજય સાહુએ વાત કરતા જણાવ્યું હતું કે આજે માર્કેટ ત્રણ પેરામિટરમાં વહેંચાયેલુ છે, માર્કેટ ડ્રીવન, ટેકનોલોજી ડ્રીવન અને ઇન્વેન્શન ડ્રીવન. વધુ કાર્યક્રમ માણવા આ લિંક પર ક્લીક કરો.

CLICK HERE


# FREE LISTING

### ફ્લેટ વેચવાનો છે

2 BHK : 1130 sqft
લોન સુવિધા ઉપલબ્ધ
પહેલુ ઘર હોય એમને 2.67 લાખ સુધી સબસિડી,
24x7 સેક્યુરીટી
એલ પી સવાણી સ્કૂલ પાસે,
અડાજણ, સુરત
ભાવ:40/- લાખ
સંપર્ક : 9913416757

### ફ્લેટ વેચવાનો છે

3 BHK ફ્લેટ વેચવાનો છે
1460 sq. ft.9th ફ્લોર,
નક્ષત્ર હાઇટસ,
ગૌરવપથ રોડ,
પાલ, સુરત
સંપર્ક : 98251 42737

### શો-રૂમ વેચવાનું છે

540 + 540 =1080 કાર્પેટ
વન વર્લ્ડ 150 ફૂટ રીંગ રોડ,
શીતલ પાર્ક ચોક પાસે
વ્યાજબી ભાવ
સંપર્ક : 7600505050

### મકાન વેચવાનું છે

એરપોર્ટ રોડ પાસે મકાન વેચવાનું છે
આરાધના સોસાયટી માં 100 વાર
3 બેડ સેમી ફરનીઝ્ડ
બ્રોકર ફક્ત t
બ્રોકર : 9586442403

### જમીન વેચવાની છે

1600 વાર જમીન,
રીવર વ્યુ, બંગ્લો અથવા
હોટેલ માટે બેસ્ટ લોકેસન,
પાર્લે પોઈન્ટ,
અઠવાગેટ, સુરત
સંપર્ક : 9898076131

### મકાન લેવું છે

૧ બેડરૂમ+ ૧ હોલ + રસોડું
એ- ૨૦૨, વર્ણીરાજ એપાર્ટમેન્ટ,
ચામુંડાનગર, હેપી બંગ્લોઝ પાસે,
લંબે હનુમાન રોડ, સુરત
પ્રશાંત સોમાણી - ૭૪૦૫૧૩૭૦૦૧

### ફ્લેટ ભાડે આપવાનો છે

3BHK નો બધી સુવિધાઓ
સાથે નો ફ્લેટ ભાડે
આપવાનો છે
ફર્નિશ્ડ ફ્લેટ,
સંપર્ક - અશ્વિનભાઈ
9924114527

### 24 કલાક માટે કામવાળી જોઇએ છે

24 કલાક ઘરે રહી - રસોઇ કરી શકે
અને ઘરના નાના-મોટા કામ કરી શકે
એવા કામ કરવા વાળા માસી જોઇએ છે.
સંપર્ક : 9099048882

### અમેરિકા જવા તૈયાર મહિલા જોઇએ છે

વોશિંગ્ટન, વર્જિનીયામાં પાંચ વર્ષનાં બાળકની
સાર-સંભાળ લઇ શકે એવી મહિલા જોઇએ છે,
પરિવારમાં એક ડોગ પણ છે. મહિલા બાળક
અને ડોગને સંભાળી શકે એવી જોઇએ છે, જેને
રસોઇ પણ આવડતી હોય એ જરૂરી છે.
સંપર્ક : 9712333881

### ભાડે જોઈએ છે

3 Bhk / 4 Bhk તાત્કાલિક
ભાડેથી જોઈએ છે,
ઓફીસ યુઝ માટે, કોઈ
સારા વિસ્તારમાં
બજેટ : 25000
સંપર્ક : 7490919214

### ભાડે જોઈએ છે

7 ફ્લેટ 3 bhk ના ભાડેથી
જોઈએ છે
બજેટ ૫૦-૬૦ હજાર
ફક્ત Whatsapp કરશો...
સંપર્ક : 9429244927

### વેચવાનું છે

75 વારનું મકાન વેચવાનું છે
2 BHK વીનાયક વાટીકા,
માધાપર ચોકડી પાસે.
સંપર્ક - દેવાંગભાઇ -
9824500072

### ઓફીસ ભાડે આપવાની છે

10ft X 17ft 170 sq ft કાર્પેટ એરિયા
ખાટું શ્યામ મંદિરની પછાડી
અલથાણ, વેસુ, સુરત
ભાડું : 8000
સંપર્ક - અક્ષય- 9898076131

### પ્લોટ વેચવાનો છે.

૪૫૦,વાર પ્લોટ ગ્રાઉન્ડ ફ્લોર હોલ
કિચન બાંધકામ કમ્પ્લીટ ટોયલટ
બાથરૂમ, પાણી નું બોરીંગ સાથે કંપાઉન્ડ
વોલ કમ્પ્લીટ
પાલ ભાઠા ગામ, સુરત
સંપર્ક - પ્રિયેશભાઈ - 9824100370

### ફ્લેટ વેચવાનો છે

3726 sq.ft. પહેલો માળ
સિટી લાઈટ, સુરત
કીમત : 4200/sq. ft.
સંપર્ક : પ્રશાંત અરોરા - 982591390

### મકાન લેવું છે

ફ્લેટ કે મકાન વેચાણથી લેવું છે.
બજેટ : 21 થી 25 લાખ
એક અઠવાડિયામાં જોઈએ છે.
સંપર્ક : 9913366773
સવારે 11 વાગ્યા પછી જ ફોને કરવો

### દુકાન ભાડે જોઈએ છે.

2,000 થી 3,000 સુધી
દુકાન ભાડેથી જોઈએ છે
સંપર્ક : 7359358477

FREE LISTING મોકલવા ક્લીક કરો...

+91 9879142607

## ANANYA GUEST

### લોકડાઉને મને શું શીખવ્યું?



૨૦૧૪માં સેવા નિવૃત્તિ પછી પણ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીમાં માનદ્ સેવા આપતી હતી એટલે નિવૃત્તિ અનુભવતી નહોતી. માર્ચના લોકડાઉનમાં ઘરે બેસવાનું આવ્યું એટલે શું કરવું એવો પ્રશ્ન ઉપસ્થિત થયો. આમ રસોઈકળા મારે હસ્તગત હતી અને રોજનું કામ સ-રસ કરતી. મારા પતિ તો મને અન્નપુર્ણા જ કહેતા, પરંતુ રોજીંદી રસોઈ સિવાય ભાત-ભાતની વાનગીઓ બનાવતી નહોતી, એટલે લોકડાઉનમાં Alka's Kitchen ચાલુ કર્યું. રોજ એક વાનગી બનાવી FB પર મુકવાનું શરુ કર્યું. અત્યાર સુધીમાં સો ઉપરાંત વાનગીઓ મૂકી. આમતો હું કોમ્પુટર-મોબાઈલમાં પારંગત નહોતી પરંતુ કોઈના પણ માર્ગદર્શન વિના જાતે જ પ્રયત્ન કરી કરીને I-Phone વપરાશ શીખી લીધો. મારું પેજ બનાવ્યું. ON-LINE શોપીંગ માટે એપ્લીકેશન ડાઉનલોડ કરી ઉપરાંત બીજી અનેક એપ્લીકેશન શીખી લીધી. Zoom-go-Meet જેવી Online Webinar મીટીંગો માં ભાગ લીધો. યુ-ટ્યુબ ઉપર જાતે અપલોડ કરતા શીખી ગઈ. યુવાવર્ગ માટે આ બધું સહજ છે પરંતુ મારી વયના 64+ વાળા માટે આ અશક્ય નથી એ પુરવાર કરી દીધું. કોલેજ પૂરી કરી ત્યાં સુધી સેલફોન અરે કેલક્યુલેટર પણ પ્રચલિત નહોતા. લોકડાઉન ના આવ્યું હોત તો કદાચ આ બધું શીખી ના હોત અને જીંદગી એળે ગઈ હોત.



અલકા મહેતા

# કરિયાણું લેવા સાઇકલ પર જશો તો ડિસ્કાઉન્ટ મેળવશો

## વર્ચ્યુઅલ ઇન્ડિયન પેડલિંગ લીગ અંતર્ગત મુહિમ શરૂ કરાઇ, સાઇકલ લઇને દુકાને કે હોસ્પિટલે જનારને સ્પેશિયલ ડિસ્કાઉન્ટ અપાશે...

**અનન્ય રિપોર્ટર, સુરત**

હવે જો તમે સાઇકલ લઇને સુરત, વડોદરા, વલસાડ, રાજકોટની દુકાનો પર જશો તો દુકાનવાળા તમને ડિસ્કાઉન્ટ આપશે. લોકો વધારે સાઇકલિંગ કરતા થાય અને સાઇકલનો પ્રચાર-પ્રસાર થાય એ માટે બાઇક્સ ઇન્ડિયાનાં ડિરેક્ટર ડો.ભૈરવી જોષીએ વર્ચ્યુઅલ ઇન્ડિયન પેડલિંગ લીગનું આયોજન કર્યું હતું. ડો.ભૈરવી જોષી કહે છે કે- સાઇકલિસ્ટ્સને જુદી જુદી દુકાનો, હોસ્પિટલ્સ પરથી ડિસ્કાઉન્ટ્સ મળે એવું અભિયાન શરૂ કરાયું છે. જે અંતર્ગત સાઇકલ લઇને કરિયાણું લેવા, શાકભાજી લેવા કે ડોક્ટરનાં ચેકઅપ માટે જતાં સાઇકલિસ્ટ્સની સંખ્યા વધશે. આ સાથે ડિસ્કાઉન્ટની સ્કીમમાં જોડાનાર દુકાનોને પણ ફાયદો થશે. કોરોનાનાં સમયે ખોરવાયેલી ઇકોનોમીમાં મની-રોટેશનની સાથે-સાથે ફિટનેસ રોટેશન પણ થશે.



ડૉ.ભૈરવી જોષી



અનિલ મેરડિયા

સુરતનાં સાઇકલિસ્ટ અનિલ મેરડિયા કહે છે કે આ અભિયાનમાં સુરતની 139 દુકાનો, 116 ડોક્ટર્સ અને 23 હોસ્પિટલ્સ સાઇકલિસ્ટસને 5થી 10 ટકાનું ડિસ્કાઉન્ટ આપી રહ્યા છે. આ સાથે હોસ્પિટલમાં સ્પેશિયલ પ્રાઇડ સાઇકલિસ્ટ્સનો ટેગ પણ આપવામાં આવશે. આ ટેગ નક્કી કરેલી હોસ્પિટલનાં ગેટ પરથી મેળવવાનો રહેશે અને રિસેપ્શન પર બતાવવાનો રહેશે. જેને કારણે ટ્રીટમેન્ટમાં પ્રેફરન્સ મળશે.

### સાઇકલિસ્ટને ડો.નિરજ ભણસાળી વિશેષ ટ્રીટમેન્ટ આપશે



સુરતનાં જાણીતા ફિઝીયોથેરાપિસ્ટ ડો.નીરજ ભણસાળી પણ આ મુહિમમાં જોડાયા છે. સાઇકલિસ્ટ્સને જો કોઇપણ પ્રકારની ફિઝીયોથેરાપીની જરૂર હોય તો એમને કન્સલ્ટેશનમાં 15 ટકાનું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ સાથે સાઇકલ પર ફિઝીયોથેરાપી માટે જનારને પણ સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.

CLICK HERE

# મેન્ટલી ફિટ રહેવા રિસ્ક ફેક્ટર્સને ઓછા કરી દો

## IMA સુરત દ્વારા મેન્ટલ હેલ્થ ડે પર સેમિનાર યોજાયો

**અનન્ય રિપોર્ટર, સુરત**

મેન્ટલ હેલ્થ ઘણાં પરિબળો પર આધાર રાખે છે. સૌથી પહેલું પરિબળ છે-પોઝિટિવિટી. જો તમે પોઝિટીવ છો તો મેન્ટલી ફિટ છો. સાયન્ટિફિકલી, ઇન્ટરવેન્શન અને એડિશનની સાઇડ ઇફેક્ટ્સ ઘણી છે. આપણે જીવનમાંથી રિસ્ક ફેક્ટર્સ ઓછા કરવા જોઇએ. મનમાં નાની-નાની વાત સંઘરી રાખો છો-ત્યારે સમજાતું નથી કે-આ વાત કેટલું મોટું સ્વરૂપ ધારણ કરી લેશે.



જ્યારે તમારા કોઇપણ ઇમોશન્સ એની શરૂઆત પર હોય ત્યારે જ એને આઇડેન્ટિફાઇ કરી લો. આ માટે દિવસમાં ત્રણથી ચાર વખત તમારી જાતને પૂછો કે તમને કેવું લાગી રહ્યું છે. જો એનો જવાબ લાંબો આવે તો એવું માની લેજો કે તમે ઇમોશનલી ડિસ્ટર્બ છો. આ ડિસ્ટર્બન્સ દૂર કરવા તમને પોઝિટિવ વિચારોની જરૂર પડશે. આ વાત પૂનાનાં સાઇકિયાટ્રીસ્ટ ડો.ભૂષણ શુક્લએ કહી હતી. આઇ.એમ.એમ. સુરત દ્વારા મેન્ટલ હેલ્થ ડે પર અવેરનેસ સેમિનાર યોજાયો હતો. જે અંતર્ગત આ વાત કરવામાં આવી હતી.

CLICK HERE

# ઇન્ટિરિયર આર્ટ પર 12મીએ ઇન્સ્તાલાઇવ

**સુરત ।** ઓરા એકેડમી દ્વારા ધ અનટોલ્ડ સ્ટોરી લાઇવ સિરીઝમાં ઇન્ટીરીયર ડિઝાઇનર ખુશી ત્રિવેદી અને રાજન નારકર વચ્ચે વન-ઓન-વન સેશન યોજાશે. જેમાં ઇન્ટીરીયરમાં આર્ટ કેટલુ મહત્વનું છે, સ્કલ્પચર કેવી રીતે તૈયાર કરવામાં આવે છે. એનાં વિશે વાત કરવામાં આવશે. જીવનમાં જમવાની થાળી થી લઇને પથારી પાથરવી પણ આર્ટ છે, જેમાં દાળ, ભાત, શાક અને રોટલી જો આર્ટીસ્ટીક રીતે મુકવામાં ન આવે તો લોકોને ગમતું નથી-આ રીતે જીવનની દરેક પળમાં આર્ટ સમાયેલી છે. આ લાઇવ 12 ઓક્ટોબર, સોમવારે સાંજે 5:00 કલાકે યોજાશે.

CLICK HERE

## HEALTH PANEL

### ડાયેટ

### મને સુગર છે તો મારું ડાયેટ કેવું હોવું જોઇએ?

- મિનાક્ષી વખારીયા




**જવાબ રજીસ્ટર્ડ ડાયેટીશન ભૂમિ શાહ દ્વારા**

તમે એક ડાયાબિટિક પેશન્ટ છો અને તમારી લિપિડ પ્રોફાઇલ હાઇય રીક એસિડ સાથે ડિસ્ટર્બ છે. તમારા ડાયેટમાં કોમ્પ્લેક્સ કાર્બ્ઝ લો પ્યુરીન, લો ટ્રાન્સ ફેટ અને હાઇ ફાઇબર હોવુ જોઇએ. તેમજ ઘઉં અને ભાત ખાવાનું એવોઇડ કરી સલાડ ખાવું જોઇએ. દૂધનો ઇન્ટેક ઓછો કરી દિવસનો 200 એમ.એલ જેટલો કરી દેવો જોઇએ અને ડાયાબિટીસને કંટ્રોલમાં લાવવા માટે હોમ રેમેડી એપ્લાય કરવી જોઇએ. દિવસમાં એક ફ્રુટ ખાવું જોઇએ. લંચ અને ડિનરમાં મલ્ટી ગ્રેન, જુવાર અથવા રોટી સિરીયલ્સની સાથે પાતળી દાળ અને શાકભાજી લેવા જોઇએ. કંદમૂળ, સ્વીટ ફ્રુટ્સ, મેંદો અને ફ્રાઇડ ફુડ ખાવાનું એવોઇડ કરવુ જોઇએ અને વધારે પ્રમાણમાં લિક્વિડ પદાર્થ લેવા જોઇએ. એક કપ દહીં ખાવું જોઇએ. બપોરે ગ્રીન ટીની સાથે હલકો નાસ્તો કરવો જોઇએ. જલ્દી જમી લેવું જોઇએ અને રાત્રે સુતા પહેલા એક કપ હળદર અને અજમાવાળું દૂધ પીવું જોઇએ જેથી હાઇપો ગ્લાઇસેમિયા એવોઇડ કરી શકાય.

**આપ પણ અનન્ય સિટીની હેલ્થ પેનલને સ્વાસ્થ્યને લગતા પ્રશ્નો પૂછી શકો છો... હેલ્થ પેનલના ડોક્ટર્સને જાણવા માટે અહીં ક્લીક કરો...**

CLICK HERE


હોટલ રેસ્ટોરન્ટ્સ માટે ફ્રી વિડીયો એડવર્ટાઇઝમેન્ટ : +91 9879142607
















# કોરોનાએ અફેર્સ ઉઘાડા પાડ્યા

## લોકડાઉનનાં સમયમાં સૌથી વધુ એક્સ્ટ્રા મરાઇટલ રિલેશનશિપ પકડાયા, ઘરે બેઠાં-બેઠાં કપલ્સે પ્રાઇવેટ ડિટેક્ટિવ હાયર કર્યા, પાર્ટનર પર જાસૂસી કરી અને અફેર્સ પકડી પાડ્યા

અનન્ય રિપોર્ટર, સુરત



એક્સ્ટ્રા મરાઇટલ રિલેશન શિપ ધરાવતા ઘણાં પતિ અને પત્નીઓને પ્રાઇવેટ ડિટેક્ટિવોએ ઉઘાડા પાડી દીધા છે. લોકડાઉન દરમિયાન પ્રાઇવેટ ડિટેક્ટિવ્સને સૌથી વધારે કામ પાર્ટનર્સની ડિજીટલ મુવમેન્ટ પર નજર નાંખવાનું મળ્યું હતું. સુરતનાં પ્રાઇવેટ ડિટેક્ટિવ પ્રકાશ પ્રજાપતિ કહે છે કે-ઓફિસ બંધ હોવાને કારણે આવા અફેર્સ પકડવા ઘણાં સહેલા હતા. પાર્ટનરની ડિજીટલ મુવમેન્ટ પર ધ્યાન રાખવાનું કામ અમને મળતું હતું. પ્રકાશ પ્રજાપતિ કહે છે કે-લોકડાઉનમાં કપલ્સ લાંબા સમય સુધી એકસાથે રહ્યા-જે દરમિયાન એમણે ઘણાં એવો બિહેવિયર ઓબ્ઝર્વ કર્યા કે જેના કારણે એકબીજા માટે શંકા ઉદભવી. આવા કપલ્સે પ્રાઇવેટ ડિટેક્ટિવનો કોન્ટેક્ટ કરી -પ્રોફાઇલ વોચ પર મૂકાવી દીધા હતા. પુરૂષોનાં મોબાઇલ સાથે બાથરૂમમાં સૌથી વધારે સમય પસાર કરતા હતા. પત્નીથી પાસવર્ડ છૂપાવી દેતા હતા. અમે આવા અફેર્સ પકડ્યા છે.



### વોટ્સલોગથી વોટ્સએપ વાંચ્યા

એક પતિનું એની ઓફિસ કલીગ સાથે અફેર હતું. પતિ ઓફિસ કલીગ છે-એવું કહી વાત ટાળી દેતા હતા. લોકડાઉનમાં પત્નીએ ઓબ્ઝર્વ કર્યું કે પતિને અડધી રાત્રે પણ મેસેજ આવતા હતા. પત્ની ઊંઘી ગઇ હોય એ પછી ઉઠીને વાતો કરતા. પત્નીને શંકા ગઇ અને ડિટેક્ટિવ હાયર કર્યા. પત્નીને વોટ્સલોગ ડાઉનલોડ કરવા કહ્યું અને એમના વોટ્સએપ યુઝને ટ્રેક કરવામાં આવ્યું, જેમાંથી પતિનું અફેર પકડાયું.

### પાર્ટનર આવું કરે છે? તો ચેતી જજો

- તમારાથી મોબાઇલ દૂર રાખે છે.
- પાસવર્ડ શેર કરતા નથી.
- ફોન માંગો તો થોડો સમય રહીને આપે છે.
- વોટ્સએપ લોક રાખે છે.
- મોબાઇલ તકિયાની નીચે મૂકીને ઊંઘી જાય છે.
- મોડી રાત સુધી સોશિયલ મિડીયા પર ઓનલાઇન રહે છે.

## જગજીત વિશે જાણવા આ લાઇવ જુઓ



રઇશ મણીયાર



વિરલ રાચ્છ

**સુરત ।** કમલેશ સોઢા ફાઉન્ડેશન દ્વારા યાદોં કે રૂબરૂ ગઝલ કી ગુફતગૂ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જગજીત સિંહની ગઝલોને ફરી જીવંત કરવામાં આવી હતી. શ્રદ્ધા શ્રીધરાની, ડોલર મહેતા દ્વારા જગજીત સિંહની ગઝલો ગાવામાં આવી હતી. જેમાં ડો રઇશ મણિયાર અને વિરલ રાચ્છે જગજીત સિંહનાં જીવન અને સંઘર્ષ વિશે જાણી-અજાણી વાતો કરી હતી. જગજીત સિંહ ગઝલ-ગાયકીમાં વેસ્ટર્ન ક્વોલિટી લઇને આવ્યા હતા. જગજીત સિંહ વિશેની વધુ વાતો જાણવા અને એમની ગઝલોને માણવા આ લિંક પર ક્લિક કરો.

CLICK HERE

## આ માસ્ક નવરાત્રિ ચાલે છે એવી ફિલ આપશે



નવરાત્રિમાં આ વર્ષે ગરબા રમી શકાવાનાં નથી પણ ગુજરાતીઓ નવરાત્રિની તૈયારી તો કરી જ રહ્યા છે. માર્કેટમાં નવરાત્રિ દરમિયાન પહેરવાનાં માસ્ક આવી ગયા છે. આભલા, ઘૂઘરીવાળા આ ડિઝાઇનર માસ્ક વિશે વાત કરતા જલ્પા ઠક્કર કહે છે કે-નવરાત્રિનાં દિવસોમાં ગરબા રમવા ન જાવ તો કંઇ નહીં, પણ આભલા, ઘૂઘરી અને ફૂમતાવાળા માસ્ક પહેરીને નવરાત્રિની ફિલ તો લઇ જ શકાશે. નવરાત્રિમાં મોટેભાગે કચ્છી વર્ક અને મિરર વર્ક વાળા ઘાઘરા-ચોળી અને કેડિયા વધારે ટ્રેન્ડમાં હોય છે. જ્યારે એની સાથે મેચ કરી શકાય એનાં માટે કચ્છી મોચી વર્ક, આહિર વર્ક અને હેન્ડ વર્ક કરી આ કચ્છી મિરર માસ્ક તૈયાર કરાવમાં આવ્યા છે. આ માસ્કને ટ્રેડિશનલ રાખવા માટે કચ્છી આર્ટનાં મલ્ટી કલર્સ અને ડિટેલ્ડ ઝીણવટ ભર્યુ કામ કરવામાં આવ્યું છે. આ માસ્કમાં બ્રિધેબલ કોટન ઇનર ફેબ્રિક વાપરવામાં આવ્યુ છે. આ વર્કમાં કોટનની મલ્ટી કલર થ્રેડ વાપરીને આ વર્ક કરવામાં આવ્યુ છે. આ ડિઝાઇન મેલ અને ફિમેલ બન્ને પહેરી શકે અને પહેરવામાં લાઇટ વેઇટ રહે એનાં માટે મિરર વર્ક ઓછુ રાખવામાં આવ્યુ છે. આ માસ્ક ટ્રેડિશનલ કુર્તા, કેઝ્યુઅલ કુર્તા, ઘાઘરા-ચોળી, ફ્યુઝન અને ઇન્ડો વેસ્ટર્ન લુક સાથે પણ કેરી કરી શકાય છે.

## NEWS BLOG

### એક્ઝોટીક ચોકલેટ, કોર્પોરેટ ગીફ્ટ







દિવાળી આવી રહી છે ત્યારે ગિફ્ટ હેમ્પરનાં શોપિંગ શરૂ થઇ રહ્યા છે. હર્ષા શ્રોફે આવું જ એક દિવાળી હેમ્પર તૈયાર કર્યું છે. આ હેમ્પરમાં પીસ્તાચીયો બાઇટ, ટ્રફલ, કેપેચીનો, દીલરૂબા, બબલગમ, માર્શમેલો જેવી ચોકલેટ્સ એસોર્ટ કરીને કોર્પોરેટ ગીફ્ટ બોક્સ છે. જેમાં કસ્ટમાઇઝ્ડ મેસેજ એન્ગ્રેવ કરાવી ક્લાયન્ટ્સને ગીફ્ટ કરી શકાય છે. સ્પેશિયલ સિનિયર ક્લાયન્ટ્સ માટે શુગર ફ્રી ચોકલેટ હેમ્પર્સ અને ગીફ્ટ પણ ડિઝાઇન કરવામાં આવે છે.

### હાલમાં શેમ્પુનો કસ્ટમાઇઝડ ટ્રેન્ડ

યંગસ્ટર્સમાં આજકાલ કસ્ટમાઇઝ્ડ શેમ્પુ ઓનલાઇન મંગાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. જેમાં તમારી હેર ટાઇપ પ્રમાણે ગુગલ ફોર્મ ફીલ કરાવી શેમ્પુ રીક્વાર્યમેન્ટ પ્રમાણે



શેમ્પુ કસ્ટમાઇઝડ કરી અપાય છે. સુરતનાં કોસ્મેટોલોજીસ્ટ ડો મેઘા શાહ કહે છે કે-આ પ્રકારની કોઇપણ સ્કીન કે હેર પ્રોડક્ટ મંગાવતા પહેલા પોતાની સ્કીન ટાઇપ વિશે જાણી લેવુ, સ્કીન અને હેર પર એક્સપરીમેન્ટ્સ કરવાથી એ ડેમેજ થઇ શકે છે. કોઇપણ કોસ્મેટીક પ્રોડ્કટ ઓનલાઇન મંગાવતા પહેલા કંપની કેટલા વર્ષ જૂની છે, ક્લિનિકલી પ્રુવન છે કે નહીં આ પ્રકાની ડિટેલ્સ મેળવ્યા બાદ જ ઓર્ડર કરવું જોઇએ. યંગસ્ટર્સ આવા શેમ્પુ ઓર્ડર કરી મંથલી બજેટ પણ મેઇન્ટેન કરી રહ્યા છે.










## કોરોનાનાં આ સમયમાં સ્વાસ્થ્યને લગતી અનેક સમસ્યાઓ ઊભી થઇ છે ત્યારે

અહીં ક્લીક કરી સવાલ મોકલો...

# અનન્ય CITY આપની પડખે છે...

## અમે લઇને આવ્યા છીએ ગુજરાતના જાણીતા ડોક્ટર્સની હેલ્થ પેનલ

### સાઇક્યિાટ્રીસ્ટ

ડૉ.મુકુલ ચોક્સી

### ગાયનેકોલોજીસ્ટ

ડૉ. દિપ્તી પટેલ

### ઓન્કોસર્જન

ડૉ.નિકુંજ વિઠલાણી

### ફિઝીયોથેરાપીસ્ટ

ડૉ. નિરજ ભણસાલી

### લેપ્રોસ્કોપિક સર્જન


ડૉ. હર્ષલ મિસ્ત્રી

### ડર્મેટોલોજીસ્ટ

ડૉ. દિપક પટેલ

### યુરોલોજીસ્ટ

ડૉ. નીલ પટેલ

### પિડીયાટ્રીશ્યન

ડૉ. પ્રશાંત કારિયા

### ડેન્ટિસ્ટ

ડૉ.સર્વજ્ઞ દાદાવાળા

### ફેમિલી ફિઝીશ્યન

ડૉ. વિનોદ શાહ

### ડાયેટીશ્યન

ભૂમિ શાહ

● આપ આપના સ્વાસ્થ્યને લગતી સમસ્યા અનન્ય સિટીના માધ્યમથી આ ડોક્ટર્સને પૂછી શકો છો. ● આપને આપની ઓળખ ખાનગી રાખવી હોય તો અમે આપની સમસ્યાનો ઉકેલ આપને પર્સનલી જણાવીશું. ● જરૂર પડ્યે ડોક્ટર્સ સાથે સીધી વાત કરાવીશું અને અનન્ય સિટીના માધ્યમથી પહેલું કન્સલ્ટેશન* આ ડોક્ટર્સ ફ્રી આપશે.